પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૨ | ૩ એપ્રિલ, ૨૦૧૭, સોમવાર ; ચૈત્ર સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# એકબાજુ ટુરીઝમ છે અને બીજી બાજુ ટેરેરીઝમ : મોદી

## ખૂનખરાબાથી કોઈને ક્યારે પણ લાભ થયો નથી : ૪૦ વર્ષમાં ટુરીઝમ ઉપર ધ્યાન અપાયું હોત તો કાશ્મીરનું ચિત્ર આજે અલગ જ રહ્યું હોત : મોદી : સુરંગ લોકાર્પણના બહાને પથ્થરબાજોને બોધપાઠ ભણાવ્યો



જમ્મુ, તા.૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે જમ્મુ-કાશ્મીરના ચેનાનીમાં દેશની સૌથી લાંબી સુરંગનું લોકાર્પણ કર્યું હતું જે દરેક સિઝનમાં કાશ્મીર ખીણને જમ્મુ સાથે જોડશે. ૩૧ કિલોમીટરના અંતરને આ સુરંગ ઓછું કરશે. સુરંગના ઉદ્ઘાટન પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉધમપુરના બટલબાલીયામાં એક રેલીને પણ સંબોધન કર્યું હતું. આ પ્રસંગે વડાપ્રધાને કાશ્મીર ખીણમાં સુરક્ષા દળો ઉપર પથ્થરમારો કરી રહેલા લોકોની જોરદાર ઝાટકણી કાઢી હતી. તેમણે કહ્યું હતું કે એકબાજુ કેટલાક ગેરમાર્ગે દોરાઈ ગયેલા યુવાનો સુરક્ષા દળો ઉપર પથ્થરમારો કરી રહ્યા છે. બીજી તરફ આજ કાશ્મીરના જવાન પથ્થરો કાપીને કાશ્મીરના ભાગ્ય બદલવામાં લાગેલા છે. મોદીએ કાશ્મીરી યુવાનોને સંદેશો આપતા કહ્યું હતું કે તેઓ પથ્થરની તાકાતને સમજે તે જરૂરી છે. સાથે સાથે કાશ્મીરમાં જોડાવવાની જરૂર છે. વડાપ્રધાને કહ્યું હતું કે તેઓ ખીણના જવાનોને બે વાતો કરવા માંગે છે. એકબાજુ ટુરીઝમ છે અને બીજી બાજુ ટેરેરીઝમ છે ૪૦ વર્ષ બાદ પણ ખૂનની રમતથી કાશ્મીરની ખીણ રક્તરંજિત થઈ છે. આનાથી કોઈને ફાયદો થયો નથી. આતંકવાદના કારણે અમે કાશ્મીરી માતાઓના પુત્રો ગુમાવ્યા છે. ભારતીયો ગુમાવ્યા છે. વડાપ્રધાને ઉમેર્યું હતું કે જો આ ૪૦ વર્ષમાં ટુરીઝમ પર ભાર મુકવામાં આવ્યો હોત તો કાશ્મીરની સ્થિતિ આજે કંઈ અલગ રહી હોત.

● અનુસંધાન પાન-૭ પર

# દેશની સૌથી લાંબી ચેનાની-નાસરી સુરંગનું લોકાર્પણ

## ૨૫૦૦ કરોડના ખર્ચે સુરંગનું નિર્માણ : મોદી, વોરા અને મહેબુબાની સાથે સુરંગમાં ખુલ્લી જીપમાં પણ થોડાક અંતર સુધી ફર્યા : યાત્રામાં બે કલાકનો ઘટાડો



જમ્મુ, તા. ૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચેનાનીમાં રાજ્યપાલ એનએન વોરા અને મુખ્યમંત્રી મહેબુબા મુફતીની ઉપસ્થિતિમાં નવ કિલોમીટર લાંબી ચેનાની-નાસરી સુરંગને રાષ્ટ્રને સમર્પિત કરી હતી. આ સુરંગનું નિર્માણ ૨૫૦૦ કરોડના ખર્ચથી થયું છે. ઉદ્ઘાટન બાદ મોદીએ વોરા અને મહેબુબાની સાથે સુરંગમાં ખુલ્લી જીપમાં મુસાફરી પણ કરી હતી. વડાપ્રધાને રાજ્યપાલ અને મુખ્યમંત્રીની સાથે એન્જિનિયરોની સાથે ફોટા પડાવ્યા હતા. આ એન્જિનિયરો સુરંગના નિર્માણમાં સામેલ રહ્યા હતા. બરફની ઢંકાયેલા ઉંચા પહાડોની નીચે બનાવવામાં આવેલી આ સુરંગથી યાત્રા માત્ર બે કલાક ઘટી જશે નહીં બલ્કે ઉધમપુરથી રામબાણ, બનિહાલ અને શ્રીનગર જતા યાત્રીઓને તમામ મૌસમમાં સુરક્ષિત યાત્રા કરવાની તક મળશે. વડાપ્રધાન કચેરીના કહેવા મુજબ દરરોજ આશરે ૨૭ લાખ રૂપિયાની ઈંધણની બચત પણ થશે. આ સુરંગ વિશ્વસ્તરની સુરક્ષા વ્યવસ્થાથી સજ્જ છે.

● અનુસંધાન પાન-૭ પર

# ન્યુઝ ટ્રેક

### યોગી કેબીનેટની ચોથીએ પ્રથમ બેઠક



ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના અધ્યક્ષસ્થાને પ્રથમ કેબીનેટ બેઠક ચોથી એપ્રિલે સાંજે પાંચ વાગે મળશે. જેમાં ખેડૂતોના દેવા માફીના નિર્ણય સહિત ઘણાં મહત્વના નિર્ણયો લેવાશે એમ મનાય છે.

### સમાજવાદી પાર્ટીના ગૌરવ ભાટીયા ભાજપમાં

સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય





પ્રવક્તા ગૌરવ ભાટીયા રવિવારે વિધિવત રીતે ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા છે. અગાઉ પૂર્વ મુખ્યમંત્રી અખીલેશ યાદવ સાથે મતભેદ સર્જાતા ચૂંટણી સમયે તેઓ નિષ્ક્રિય બની ગયા હતા.

### કેજરીવાલની સભામાં મોદી-મોદીના નારા

દિલ્હીમાં એનસીડીની ચૂંટણી



સંદર્ભે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની સભામાં મોદી મોદીના નારા લાગ્યા હતા. કેજરીવાલે સંબોધનમાં કહ્યુ હતુ કે મોદી મોદીના નારા લગાવવાથી પેટ ભરાતુ નથી.

### સ્મૃતિ ઈરાનીનો પીછો કરનારા પકડાયા

દિલ્હીના ચાણક્યપુરી વિસ્તારમાં શનિવારે કેન્દ્રિય મંત્રી સ્મૃતિ ઈરાનીએ ચાર વિદ્યાર્થીઓ સામે ફરિયાદ દાખલ કરી હતી. સ્મૃતિ ઈરાનીની ફરિયાદમાં જણાવાયુ છે કે દિલ્હી યુનિવર્સિટીના ચારેય વિદ્યાર્થીઓ નશાની હાલતમાં તેમનો પીછો કરી રહ્યા હતા.

# હવે, બેંક ૩-૪ વર્ષમાં નોટના સિક્યુરિટી માર્ક બદલશે

## બનાવટી નોટના પ્રવાહને રોકવાનો મુખ્ય ઉદ્દેશ્ય : નોટબંધી બાદ ૪ મહિનામાં બનાવટી નોટનો જંગી જથ્થો મળી આવ્યા બાદ નવી યોજના પર ગંભીરતાથી કામગીરી

નવી દિલ્હી, તા. ૨

કોઈ પણ પ્રકારના ચેડા અને છેતરપિંડી તેમજ બનાવટને રોકવાના હેતુસર સરકાર રૂપિયા બે હજાર અને ૫૦૦ની નોટમાં સુરક્ષા પાસામાં દર ત્રણથી ચાર વર્ષમાં ફેરફાર કરશે. વૈશ્વિક ધારા ધોરણ મુજબ આ ફેરફાર કરવામાં આવનાર છે. નવા સુરક્ષા પાસાઓ વારંવાર ઉમેરવામાં આવશે. ત્રણથી ચાર વર્ષમાં બેંક નોટના સિક્યુરિટી માર્કમાં ફેરફાર કરવા તૈયારી ચાલી રહી છે. બનાવટી ભારતીય નોટના જંગી જથ્થાની રિકવરીના અનુસંધાનમાં આ હિલચાલ હાથ ધરવામાં આવી છે. રૂપિયા બે હજાર અને રૂપિયા ૫૦૦ની નવી નોટ જારી કરવામાં આવ્યા બાદ પણ બનાવટ

● અનુસંધાન પાન-૭ પર


# સબસીડીવાળા LPG સિલિન્ડર કિંમતમાં ૫.૫૭ રૂપિયાનો વધારો

## ગેસ સિલિન્ડરની કિંમત વધતા ગ્રાહકો પર વધુ બોજ પડશે : બિનસબસીડીવાળા ગેસ સિલિન્ડરની કિંમતમાં ૧૪.૫૦ રૂપિયા સુધી ઘટાડો : એટીએફની કિંમતમાં પાંચ ટકાનો ઘટાડો થતા વિમાની ભાડા ઘટે તેવા સંકેતો

નવી દિલ્હી, તા. ૨

એવિએશન ટર્બાઈન ફ્યુઅલ અથવા તો એટીએફની કિંમતમાં પાંચ ટકાથી વધુનો ઘટાડો કરવામાં આવ્યો છે. વિમાની ભાડા ઘટાડવાના સંદર્ભમાં હજુ સુધી કોઈ વિમાની કંપનીએ સંકેત આપ્યો નથી પરંતુ એટીએફ અથવા તો જેટ ફ્યુઅલની કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યા બાદ વિમાની ભાડામાં ઘટાડો થઈ શકે છે. છેલ્લા બે મહિનામાં કિંમતમાં વધારો કરવામાં આવ્યા બાદ એટીએફની કિંમતમાં હવે ઘટાડો કરવામાં આવ્યો છે. સબસીડીવાળા એલપીજીની કિંમતમાં પ્રતિ સિલિન્ડર ૫.૫૭ રૂપિયા સુધીનો વધારો કરવામાં આવ્યો છે. જ્યારે બિનસબસીડીવાળા ગેસ સિલિન્ડરની કિંમતમાં આંતરરાષ્ટ્રીય પ્રવાહને ધ્યાનમાં લઈને પ્રતિ સિલિન્ડર ૧૪.૫૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. જેટ ફ્યુઅલ અથવા તો એટીએફની કિંમતમાં પ્રતિ કિલો

● અનુસંધાન પાન-૭ પર



૧૫૦મી વર્ષગાંઠ - દેશની પ્રતિષ્ઠિત અલ્હાબાદ હાઈકોર્ટની ૧૫૦મી વર્ષગાઠ ભવ્યાતિભવ્ય ઉજવાઈ હતી... પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી જગદીશસિંહ ખેહર, ઉત્તર પ્રદેશના રાજ્યપાલ રામનાઈક, મુખ્ય મંત્રી આદિત્યનાથ યોગી સહિત ટોચના મહાનુભાવો રહ્યા હતા... વર્ષગાઠની ઉજવણીના ભાગરૂપે ૧૫૦ વર્ષ જુની હાઈકોર્ટની ઈમારતને રંગબેરંગી રોશનીથી સજાવાઈ હતી... ભારતના ન્યાયતંત્રના ઈતિહાસમાં સૌથી જુની ઈમારત હોવાનું જણાવાય છે...

# ઈપીએફઓના નેટવર્કમાં વધુ એક કરોડ વર્કરો આવરી લેવાશે

## સામાજિક સુરક્ષા યોજના હેઠળ પગાર મર્યાદામાં વધારો થશે : પગાર મર્યાદાને મહિને ૧૫ હજારથી વધારીને ૨૫ હજાર કરાશે : વધારાનો ૨૭૦૦ કરોડ રૂપિયાનો બોજ પડશે

નવી દિલ્હી, તા.૨

રિટાયર્ડમેન્ટ ફંડ બોડી ઈપીએફઓ તેની જાળમાં વધુ એક કરોડ વર્કરો આવરી લેવાની તૈયારીમાં છે. આના ભાગરૂપે ઈપીએફઓ તેની સોશિયલ સિક્યુરિટી સ્કીમ હેઠળ ફરજિયાત કવરેજ માટે પગાર મર્યાદા મહિને ૧૫ હજારથી વધારીને ૨૫ હજાર રૂપિયા કરવાની તૈયારીમાં છે. ૨૫ હજારની ઉંચા પગારની મર્યાદા ધરાવનારને પણ ઈપીએફઓની જાળમાં આવરી લેવામાં આવનાર છે. હાલમાં ૧૫ હજાર રૂપિયા મહિને કમાવનાર વર્કરોને આમાં સામેલ કરવામાં આવ્યા છે. હવે ૨૫૦૦૦ મહિને આવક ધરાવનાર ફોર્મલ સેક્ટરના વર્કરોને પણ ઈપીએફઓની જાળમાં આવરી લેવાની તૈયારી કરી લેવામાં આવી છે. તેની સિક્યુરીટી સ્કિમ હેઠળ ફરજિયાત કવરેજમાં પગાર મર્યાદા વધારવામાં આવનાર છે. એમ્પ્લોઈઝ ફંડ ઓર્ગેનાઈઝેશન ટ્રસ્ટીની બેઠક ગુરૂવારના દિવસે યોજાઈ હતી. જેમાં પગાર મર્યાદાના મુદ્દા ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. પગાર મર્યાદાને વધારવાની આ દરખાસ્ત ઉપર વિસ્તારપૂર્વક ચર્ચા કરાયા બાદ હવે તેને ઈપીએફઓની જાળમાં આવરી લેવામાં આવનાર છે. ઈપીએફઓ ટ્રસ્ટી ડીએલ સચદેવે માહિતી આપતા કહ્યું હતું કે પહેલા સમયમાં દુવિધા હોવાના પરિણામ સ્વરૂપે દરખાસ્તને ટાળવામાં આવી હતી.

આ મહિનામાં મોડેથી યોજાનાર બેઠકમાં ફરીવાર દરખાસ્ત ઉપર ચર્ચા થશે. ઓલ ઈન્ડિયા ટ્રેડ યુનિયન સેક્રેટરી તરીકે પણ ફરજ બજાવી રહેલા સચદેવે કહ્યું હતું કે તમામ ગણતરી સંકેત આપે છે કે આ હિલચાલથી ઈપીએફઓની સ્કીમની જાળ હેઠળ એક કરોડથી વધુ ફોર્મલ સેકટરના વર્કરોને આવરી લેવામાં આવશે. દિલ્હી જેવા રાજ્યો દ્વારા લઘુત્તમ પગારમાં હાલમાં જ વધારો કરવામાં આવ્યો હતો. આની સાથે જ ૧૫ હજાર રૂપિયાની સપાટી તોડી દેવામાં આવી હતી.

# શ્રીનગરના નૌહટ્ટામાં પોલીસ કાફલા પર ગ્રેનેડ હુમલો : ૧૩ જવાનો ઘાયલ

શ્રીનગર, તા.૨

જમ્મુ-કાશ્મીરમાં આજે ફરીવાર આતંકવાદી હુમલો કરવામાં જુના શ્રીનગરના નોહટા વિસ્તારમાં આજે ત્રાસવાદીઓએ ગ્રેનેડ ઝીંક્યા હતા અને ગોળીબાર પણ કર્યો હતો.

**વડાપ્રધાનના કાર્યક્રમ બાદ હુમલો કરાતા ભારે સનસનાટી ઘાયલ થયેલાઓ પૈકી કેટલાક ગંભીર : ફરજથી પરત ફરી રહેલા પોલીસ કાફલા પર હુમલો થયો**

આવતા દેશભરમાં ખળભળાટ મચી ગયો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુરંગને રાષ્ટ્રને સમર્પિત કરવાના પ્રસંગે જમ્મુ-કાશ્મીરમાં જ હતા ત્યારે આ હુમલો કરવામાં આવતા પોલીસ તંત્રની ઉંઘ હરામ થઈ ગઈ હતી. આ હુમલામાં ૧૩ પોલીસ જવાનો ઘાયલ થયા હતા. એક પોલીસ જવાન શહીદ થયા હોવાના અહેવાલ મળ્યા છે. હુમલા બાદ સુરક્ષા દળોએ સમગ્ર વિસ્તારને ઘેરી લઈને તપાસ કામગીરી હાથ ધરી હતી. હુમલો મોડી સાંજે સાત વાગે કરવામાં આવ્યો પોલીસવાળા પોતાની ફરજથી પરત



હતો. નોહાટા વિસ્તાર ગંજબક્ષ પાર્કની સામે ત્રાસવાદીઓએ પોલીસ દળ ઉપર ગ્રેનેડો ઝીંક્યા હતા. એક પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે હુમલાના સમયે ફરી રહ્યા હતા. ઘાયલ પોલીસ જવાનોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘાયલો પૈકી કેટલાકની હાલત ગંભીર

● અનુસંધાન પાન-૭ પર







